તા. 11/09/2026

# Scholarship Circular (Phase-1)

**[Only for Sem-3 (Regular), Sem-5 & Sem-7]**

બધા વિદ્યાર્થીઓ ને જણાવવાનું કે શિષ્યવૃત્તિના ફોર્મ તારીખ **તા. 21/09/2026** સુધીમાં ઓનલાઈન (**www.digitalgujarat.gov.in**) ભરી દેવા. અને ફોર્મ ભરતી વખતે નીચેની સૂચનાઓ પાલન કરવાની રહેશે. **ફૂડબીલ માટે એવા વિધ્યાર્થીઓ જ એપ્લાય કરી શકશે જે વિધ્યાર્થીઓ કોલેજ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાં હોય.**

ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ, તમારી શિષ્યવૃત્તિ અરજીની હાર્ડ કોપી ચકાસણી માટે સંબંધિત વિભાગના ફેકલ્ટી પાસે સબમિટ કરતા પહેલાં આ **Google Form** (https://forms.gle/RV4UHDREfs6oG3kT7) અવશ્ય ભરો. ફોર્મ અને ડોક્યુમેન્ટ **જે તે વિભાગના શિષ્યવૃતિ Incharge** પાસે **તા. 16/09/2026 થી તા. 22/09/2026** દરમિયાન કોલેજમાં જમા કરાવવા. કોઈપણ વિદ્યાર્થીએ ફોર્મ અને ડોક્યુમેન્ટ કુરિઅર/પોસ્ટ કરવા નહિ. અન્યથા ફોર્મ રદ કરવામા આવશે.

- શિષ્યવૃત્તિ ફોર્મ, પર Semester, Branch & Enrolment No અવશ્ય લખવો
- **કોઈપણ પ્રકારની શિષ્યવૃતિ મેળવવા માટે વિધ્યાર્થીએ E-KYC કરવું ફરજિયાત છે. તો "My Ration" App પર જઈને E-KYC કરી લેવું. જો ન થાય તો પુરવઠા વિભાગમાં જઈને કરાવવું.**

**ઓનલાઈન ડેટા ચીવટ રાખીને ભરવો. ખોટી વિગત ભરવી નહિ. નીચે જણાવેલ બધા ડોક્યુમેન્ટ, ધો. ૧૦ અને ૧૦ પછીની બધી માર્કશીટ (ધો. ૧૨ અથવા ડિપ્લોમાની છેલ્લા સેમેસ્ટરની તથા ડીગ્રી ઈજનેરીની દરેક સેમેસ્ટરની) તથા Circular માં જણાવેલ ફી ડીટેઇલ, સ્કીમ સિલેકશન, ટર્મની તારીખ વગેરે માહિતી લઈને લઈને બેસવું.**

**ડિગ્રીના વિદ્યાર્થીઓ માટે Institute Districtમાં "Morbi" પસંદ કરી "Lukhdhirji Engineering College, Morbi (031)" પસંદ કરી અભ્યાસક્રમનું વર્ષ પસંદ કરી બ્રાંચ પસંદ કરવી (બ્રાંચ પસંદ નહિ કરેલ હોય તો ફોર્મ રદ કરવામાં આવશે).**

**શિષ્યવૃત્તિ ફોર્મ ભરવાની સૂચનાઓ**

1. **બધા વિદ્યાર્થીએ જાતે ફોર્મ ભરવું. બહાર સાયબર કાફે કે અન્ય જગ્યાએ ન ભરાવવું. બહાર ફોર્મ ભરવાથી ભૂલ થવાની શક્યતા વધારે રહે છે.**
2. **શિષ્યવૃતિ મેળવવા માટે વિધ્યાર્થિની આગલા શૈક્ષણિક વર્ષની હાજરી 75% કરતાં વધારે હોવી જોઈએ. અન્યથા વિધ્યાર્થી શિષ્યવૃતિને પાત્ર રહેશે નહિ.**
3. સૌપ્રથમ દરેક વિદ્યાર્થીઓનું digitalgujarat.gov.in પોર્ટલ પર પોતાનું User ID તથા પાસવર્ડ હોવો જોઈએ. જો પોતાનું User ID તથા પાસવર્ડ ન હોય તો બનાવી લેવા. આ માટે E-Mail ID તથા મોબાઇલ નંબર ફરજીયાત જોઇશે. જો E- Mail ID ન હોય તો બનાવી લેવું. (દરેક વિદ્યાર્થીઓએ પોતાના User ID, પાસવર્ડ યાદ રાખવા તથા ગુપ્ત રાખવા)
4. પોર્ટલ પર એક વખત જ User ID બનાવવું. (જે વિદ્યાર્થીઓએ ટેબ્લેટ સહાય માટે કે અન્ય સહાય/કામગીરી માટે digitalgujarat.gov.in પોર્ટલ પર Usar ID બનાવેલ હોય તો નવું બનાવવું નહિ)
5. જે વિદ્યાર્થીને આગલા વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હોય તેમને Renewal માં એપ્લાય કરવું. જરૂરી વિગત સુધારવી જેમકે Term Date, Fee Detail, અપલોડ કરેલ ડોક્યુમેન્ટ (જરૂરી હોય તો), એનરોલ્મેન્ટ નંબર, વિગેરે (નીચે ડીટેઇલ આપેલ છે)
6. બધા વિદ્યાર્થીએ Enrolment નંબર ફરજીયાત પણે નાખવો તથા બ્રાંચ અવશ્ય સિલેક્ટ કરવી અન્યથા ફોર્મ રદ કરવામાં આવશે.
7. **ઓનલાઈન ફોર્મ પર Close અથવા Withdraw બટન પર ક્લીક કરવું નહિ, અન્યથા ફોર્મ રદ થઇ જશે.**
8. આધાર કાર્ડ વિના ફોર્મ ભરી શકાશે નહિ.

9. User ID તથા શિષ્યવૃત્તિ માટે અરજી કરવામાં જે નામ, Gender તથા જન્મતારીખ આધાર કાર્ડ માં હોય તે પ્રમાણે જ વિગત નાખવી. જો વિગત અલગ હશે અને ફોર્મ રદ થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહિ. જો આધાર કાર્ડમાં વિગત ખોટી હોય તો સુધારીને પછી જ શિષ્યવૃત્તિ માટે અરજી કરવી.
10. અભ્યાસની વિગત ચીવટ રાખીને ભરવી. **(ધો ૧૦, ધો ૧૨/ડીપ્લોમાં, તથા દરેક ડીગ્રીના સેમેસ્ટરની વિગત ભરવી)**
11. બે વખત ઓનલાઈન અરજી કરવી નહિ જો કરેલ માલુમ જણાશે તો બંને અરજી રદ કરવામાં આવશે.
12. ફોર્મ સબમિટ કર્યા બાદ પ્રિન્ટ કાઢીને નીચે જણાવેલ લાગુ પડતા ડોક્યુમેન્ટ સાથે અરજી રૂબરૂ આપી જવા. જ્યાં સુધી અરજી નહિ મળે ત્યાં સુધી સંસ્થા ખાતેથી અરજી ફોરવર્ડ કરવામાં નહિ આવે.
13. સાધન સહાય માટે સાધનોના બીલમાં દુકાનદારનો GST નંબર હોવો જોઈએ (GST નંબર પ્રિન્ટેડ હોવો જોઈએ, સિક્કો હશે તો નહિ ચાલે). જો GST નંબર ન હોય તો માન્ય રાખવામાં નહિ આવે અને ફોર્મ અધૂરું ગણાશે (જરૂર પડ્યે ખરીદેલ સાધનો ચકાસવામાં આવશે).
14. સાધન સહાય માટે ફક્ત ઇજનેરીમાં ઉપયોગ માં આવતા સધાનોજ સામેલ છે. બુક્સ, ફાઈલ, ફાઈલ પેજ, નોટબુક, વિગેરે સ્ટેશનરી સામેલ નથી. જો જણાવેલ કે સાધનમાં ન આવતી કે વસ્તુઓ ખરીદેલ હશે અને બીલ માં પણ હશે તો એ વસ્તુની કિમત બાદ કરીને પછી જ સાધન સહાયની રકમ માન્ય રાખવામાં આવશે.
15. **કૌંસ (Bracket) માં જણાવેલ સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ કેટેગરી તથા આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. અન્યથા ફોર્મ રદ(Reject) કરવામાં આવશે. (મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO), ચીફ ઓફિસર,** તલાટી)
16. સાધન સહાયનું ફોર્મ ફક્ત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ જ ભરી શકશે.
17. આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર વગેરે **ઓરીજીનલ ડોક્યુમેન્ટ** ચકાસવામાં આવશે. જો વિદ્યાર્થી ઓરીજીનલ ડોક્યુમેન્ટ રજુ નહિ કરી શકે તો ફોર્મ રદ કરવામાં આવશે.
18. વિદ્યાર્થીઓને ખાસ જણાવવાનું કે **કોઈપણ એક જ શિષ્યવૃત્તિ નું ફોર્મ ભરવું**. અન્યથા શિક્ષાત્મક પગલા લેવામાં આવશે (વિદ્યાર્થીને એક સાથે બે શિષ્યવૃત્તિ મળવા પાત્ર નથી.) (જેમ કે MYSY શિષ્યવૃત્તિ તથા ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિ એમ બે જગ્યાએ શિષ્યવૃત્તિ માટે ફોર્મ ન ભરવું.
19. એક જ પિતાના વધુમાં વધુ **બે બાળકોને શિષ્યવૃત્તિ** મળવા પાત્ર છે. જેની નોંધ લેવી.
20. હોસ્ટેલમાં PG તરીકે રહેતા વિદ્યાર્થીઓએ ડેસ્કોલર તરીકે જ ફોર્મ ભરવું.
21. ભોજનબીલ સહાય ફક્ત કોલેજની હોસ્ટેલમાં રહેને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે જ છે. પ્રાઇવેટ કે કોઈ સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી હોસ્ટેલ, તથા કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓએ ભોજનબીલ ભરવું નહિ અન્યથા શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.
22. ભોજનબીલ સહાયની અરજી કરતી વખતે ભોજનબીલ રજૂ કરવું. ભોજનબીલ પર મેસ સેક્રેટરીનો અને મેસ સંચાલક નો સહી તથા સિક્કો હોવો જોઈએ.
23. જે વિદ્યાર્થીઓની બેંકમાં એકાઉન્ટ ખોલાવતી વખતે ઉંમર (Age) ૧૮ વર્ષ કરતા ઓછી હોય તો જયારે ૧૮ વર્ષ પૂર્ણ થાય તુરંત જ બેંકમાં જઈને પોતાનું એકાઉન્ટ Minor માંથી Major કરાવવાનું રહેશે, અન્યથા શિષ્યવૃત્તિ જમા થશે નહિ.
24. વિદ્યાર્થીનું પોતાના નામનું જ બેંક એકાઉન્ટ હોવું જોઈએ (પિતા કે ભાઈ ના નામનું ચાલશે નહિ). જો પોતાના નામનું અકાઉન્ટ ન હોય તો બેંક માં ખોલાવી લેવું.
25. ખોટી બેંક Detail ને લીધે **શિષ્યવૃત્તિ** એકાઉન્ટમાં જમા ન થાય તો વિદ્યાર્થી દંડને પાત્ર થશે.
26. જે એકાઉન્ટ આધાર કાર્ડ સાથે લીંક હોય તે જ એકાઉન્ટ નંબર પોર્ટલ પર નાખવો.
27. જો બેંક મર્જ થયેલ હોય અને એકાઉન્ટ નંબર અથવા IFS Code બદલાયેલ હોય તો તે પ્રમાણે વિગત સુધારવી તથા નવી બેંક પાસબુક ની કોપી મુકવી.
28. નીચે જણાવેલ લાગુ પડતા બધા જ Document અપલોડ કરવા (ફક્ત ફરજીયાત જ Document અપલોડ કરેલ હશે અને બીજા જરૂરી Document અપલોડ નહિ કરેલ હોય તો ફોર્મ રદ કરવામાં આવશે).

# Fee Detail and Term Date

જણાવેલ ફી/ **Term Date** ની એક વર્ષ ની છે તેથી આ ફી/ **Term Date** માં કોઈજ સુધારો કરવો નહિ

| | YEAR STUDYING | | 1ST YEAR | 2ND YEAR | 3RD YEAR | 4TH YEAR | ME 1st Year | ME 2nd Year |
|---|---|---|---|---|---|---|---|---|
| **Fee Detail** | TUTION FEE (Boys – Non TFWS) (All Branches) | | 1500 | 1500 | 1500 | 1500 | 1500 | 1500 |
| | TUTION FEE (Boys - TFWS) (All Branches) | | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | TUTION FEE (Girls - ALL) (All Branches) | | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | ADMISSION FEE (All Branches) | | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | MISCELENEOUS FEE | | 1034 | 885 | 905 | 915 | 4350 | 4250 |
| | EXAM FEE | Civil | 1350 | 1575 | 1700 | 950 | 2000 | 2000 |
| | | Mechanical | 1350 | 1575 | 1700 | 950 | | |
| | | Electrical | 1350 | 1575 | 1700 | 950 | | |
| | | Chemical | 1475 | 1575 | 1700 | 950 | | |
| | | IT | 1375 | 1575 | 1575 | 950 | | |
| **Term Date (Scholarship)** | Term Start Date | | 01-07-2026 | 30-07-2026 | 17-06-2026 | 03-07-2026 | 27-07-2026 | 06-07-2026 |
| | Term End Date | | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 |
| **Term Date (Foodbill)** | Start Date (Refer Note) | | Refer Note | 30-07-2026 | 17-06-2026 | 03-07-2026 | Refer Note | 06-07-2026 |
| | End Date (for Sem 1,3,5) | | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | NA | 30-05-2027 | 30-05-2027 |
| | End Date (for Sem 7) | | NA | NA | NA | 14-10-2026 | NA | NA |

**Note: -** જો હોસ્ટેલ એડમિશન Academic Year 2026-27 (નવું હોસ્ટેલ એડમિશન) માં થયેલ હોય તો Food bill Term **Start Date** મા હોસ્ટેલ એડમિશન Date નાખવી

## સાથે જોડવાના (જણાવેલ ક્રમમાં જ જોડવા) તથા સ્કેન કરી upload કરવાના ડોક્યુમેન્ટ

**(લાગુપડતા બધા જ Document અપલોડ કરવા, ફક્ત ફરજીયાત Document જ અપલોડ કરેલ હશે તો ફોર્મ રદ કરવામાં આવશે)**

**(Upload કરવાનું ફાઈલ ફોર્મેટ .JPEG હોવું જોઈએ તથા 200 KB કરતા નાની સાઈઝ હોવી જોઈએ)**

1. કેટેગરી પ્રમાણપત્ર ની નકલ. **(દરેકને ફરજિયાત)**
2. કોલેજ ફી રીસીપ્ટ ની નકલ (Fee receipt) **(દરેકને ફરજિયાત)**
3. છેલ્લા બે સેમેસ્ટરની માર્કસીટ (પ્રથમ સેમેસ્ટર માટે ૧૨th અને DTD માટે છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ). **(દરેકને ફરજિયાત)**
4. બોનાફાઈડ પ્રમાણપત્ર. **(દરેકને ફરજિયાત)**
5. દરેક મહિનાની ફૂડબીલની રીસીપ્ટ (ફક્ત કોલેજની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ) (**ફરજિયાત** ફૂડ્બીલ માટે જ)
6. ખરીદેલ સાધનોનું બીલ. (સાધનોના બીલમાં દુકાનદારનો GST નંબર (પ્રિન્ટેડ) હોવો જોઈએ સિક્કો નહિ ચાલે. જો આ નંબર નહિ હોય તો ફોર્મ માન્ય રાખવામાં નહિ આવે) (**ફરજિયાત** સાધન સહાય માટે જ)
7. આધાર કાર્ડ તેમજ કોલેજ ઓળખ કાર્ડ (College ID Card) **(દરેકને ફરજિયાત)**
8. બેંક પાસબુકની નકલ  અથવા કેન્સલ કરેલ ચેક કે જેમાં બેંક એકાઉન્ટ નંબર, IFS Code, બ્રાંચ નું નામ હોય. **(દરેકને ફરજિયાત)**
9. વોર્ડનની સહી તથા સિક્કા વાળું હોસ્ટેલ સર્ટીફીકેટ. (**ફરજિયાત** જો હોસ્ટેલર હોય તો શિષ્યવૃત્તિ માટે તથા ફૂડ્બીલ માટે)
10. આવકનું પ્રમાણપત્ર  (જો ત્રણ વર્ષ માટે માન્ય તેમ દર્શાવેલ (લખેલ) હોય તો (તા. 1/4/2024 પછી), જો ત્રણ વર્ષની વિગત લખેલ ન હોય તો (તા. 1/4/2026 પછી)  કાઢવામાં આવેલ હોવું જોઈએ **(દરેકને ફરજિયાત)**

# Selection of Scheme (For Reference Only)
## (For more details refer to Digital Gujarat website)

| Sr. No | Category | Particular | Parent income Limit/ For Whom | Name of Scheme |
|---|---|---|---|---|
| 1 | SEBC | Scholarship | More than 2,50,000 (Girls only) | BCK-78 Post S.S.C Scholarship for Girls (SEBC) |
| 2 | SEBC/EBC /DNT | Scholarship | less than 2,50,000 | PM YASASVI Post Matric Scholarship for OBC, EBC & DNT Students |
| 3 | SEBC | Food Bill | less than 6,00,000 | BCK-79 Food Bill Assistance for Medical, Engineering Students (SEBC) |
| 4 | SEBC | Tool Bill | less than 6,00,000 | BCK-80 Instrumental Assistance for Medical, Engineering, Diploma students (SEBC) |
| 5 | SC | Scholarship | more than 2,50,000 (Girls only) | (BCK-5) Post Matric Scholarship for SC girls' student only (Having annual family income more than 2.50 Lac) (State Government Scheme) |
| 6 | SC | Scholarship | less than 2,50,000 | (BCk-6.1) Post Matric Scholarship for SC students (Government of India Scheme) |
| 7 | SC | Food Bill | less than 6,00,000 | (BCK-10) Food bill Assistance to SC Students |
| 8 | SC | Tool Bill | less than 6,00,000 | (BCK-12) Instrumental Help to SC Students (Medical, Engineering, Diploma Students Only) |
| 9 | ST | Scholarship | more than 2,50,000 (Girls only) | VKY 156 Post Matric Scholarship for ST Girls Students having annual family income more than 2.50 Lakh |
| 10 | ST | Scholarship | less than 2,50,000 | (VKY 6.1) Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship |
| 11 | ST | Food Bill | less than 4,50,000 | VKY-157 Food Bill Assistance in College Attached Hostels |
| 12 | ST | Tool Bill | less than 2,50,000 | VKY 164 Instrumental Assistance for First Year Students of Medical, Engineering, Diploma Courses |
| 13 | OPEN | Food Bill | Refer Website | Apply on GUEEDC Website. |